૨૯૨

**"પબ્લિક સર્વિસ ડે"** નિમિત્તે તા.૨૩/૦૬/૧૭નાં રોજ કોર્મશીયલ કોમ્પલેક્ષ/દુકાનોમાં સુકા/ભીના કચરા માટે અલગ–અલગ ડસ્ટબીન મૂકવા અંગે ઝુંબેશ હાથ ધરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૨૩/૦૬/૧૭નાં રોજ **"પબ્લિક સર્વિસ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૩/૦૬/૧૭નાં રોજ કોર્મશીયલ કોમ્પલેક્ષ/દુકાનોમાં સુકા/ભીના કચરા માટે અલગ–અલગ ડસ્ટબીન મૂકવા અંગે ઝુંબેશ હાથ ધરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૩/૦૬/૧૭નાં રોજ દરેક ઝોનમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ દ્વારા આરોગ્ય સ્ટાફ, કોર્મશીયલ કોમ્પલેક્ષનાં વહીવટકર્તા, પ્રમુખ સેક્રેટરી, તેમજ દુકાન ધારકોની સંયુકત ટીમો બનાવી ઝોનમાં આવેલ જુદાં જુદાં કોર્મશીયલ કોમ્પલેક્ષમાં આવેલ દુકાનોનાં વહીવટકર્તાઓ તથા દુકાન ધારકોને ઉપરોકત ટીમ મારફતે તેમની દુકાનમાંથી નીકળતો સુકા/ભીના કચરાનું વર્ગીકરણ કરાવી સુકા/ભીના કચરાને અલગ–અલગ ડસ્ટબીનમાં રાખવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ, સમજ તેમજ સુચનાઓ આપી તેનો સખત અમલીકરણ માટે દરેક કોર્મશીયલ કોમ્પલેક્ષમાં દુકાન ધારકો પાસે નોંધ લેવડાવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| કોર્મશીયલ કોમ્પલેક્ષની સંખ્યા | ડસ્ટબીન ઝુંબેશમાં ભાગ લેનાર | | | |
|---|---|---|---|---|
| | વહીવટકર્તા, વેચાણકર્તા, દુકાનધારકો | સુપરવાઈઝર | કામદાર | નોંધ લેવડાવવામાં આવેલ દુકાનધારકો |
| ૫૯ | ૧૬૫ | ૮૩ | ૬૮ | ૧૮૫૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૨૯૩

**"પબ્લિક સર્વિસ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૨૪/૦૬/૧૭નાં રોજ ડ્રાય ડે મચ્છર નાશકની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૨૩/૦૬/૧૭નાં રોજ **"પબ્લિક સર્વિસ ડે"** નિમિતે તા.૨૪/૦૬/૧૭નાં રોજ મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય ત્યાં ડ્રાય ડેની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૪/૦૬/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ વી.બી.ડી.સી./ આરોગ્યનો સ્ટાફ તેમજ NGOનાં પ્રતિનિધિઓની સંયુકત ટીમો બનાવી મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય તે વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છરજન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કર્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૭,૭૭૦ | ૮૯,૦૬૦ | ૬૨૨ | ૧૧,૪૯૮ | ૧૧૬૪ | ૨૭૮૫ | ૧૬૯ | ૯૧,૦૯૦ | ૧૦૭ | ૩૩,૯૫૮ | ૧૬,૫૫૬ |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરનાં ઉતપત્તિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

## —: પ્રેસનોટ :—

૨૯૪

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૨/૦૬/૨૦૧૭ ના રોજ બોરીંગ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ બોરીંગ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ.

આજ રોજ સાઉથ ઝોન (ઉધના)માં સમાવિષ્ટ ભેદવાડ, પાંડેસરા, ભેસ્તાન વિગેરે વિસ્તારોમાં ચાલતા ગેરકાયદેસર પાણીનાં ટેન્કરથી પાણીનું વેચાણ કરતાં વિવિધ પાણીનાં બોરીંગ / બોરવેલ વિગેરેને બંધ કરવા / સ્થળ પરથી દુર કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે અંતર્ગત મોજે ભેદવાડ પાસે આવેલ પ્રમુખ પાર્ક પાસે આવેલ ખુલ્લા પ્લોટમાંથી બોરીંગ / બોરવેલ નંગ–૧૫, પાંડેસરા જી. આઈ. ડી. સી. પેટ્રોલ પંપની બાજુમાં આવેલ પ્લોટમાંથી બોરીંગ / બોરવેલ નંગ–૦૬, પાંડેસરા જી. આઈ. ડી. સી. પ્લોટ નં ૧૮૧/૧ માંથી બોરીંગ / બોરવેલ નંગ–૦૩, ભગવતી ઈન્ડસ્ટ્રીઝ નહેર પાસેથી બોરીંગ / બોરવેલ નંગ–૧૧ સ્થળ પરથી દુર કરી જપ્ત કરવામાં આવેલ છે. વધુમાં સદર બોરીંગ / બોરવેલ ધારકોને અત્રેથી અગાઉ સ્વૈચ્છિક રીતે ગેરકાયદેસર બોરીંગ / બોરવેલ બંધ કરવા કડક સુચના આપવામાં આવેલ તેમ છતાં તેઓ દ્વારા સદરહુ પ્રવૃતિ બંધ ન કરવામાં આવતાં તથા સ્થળ પર પાણીનું વેચાણ / સપ્લાય ચાલુ રખાતાં સુરત મહાનગરપાલિકા દ્વારા ઘનિષ્ટ ઝુંબેશ હાથ ધરી ઉકત વિસ્તારમાંથી આશરે ૩૫ નંગ જેટલા બોરીંગ / બોરવેલ દુર કરવામાં આવેલ છે. અગાઉ તા.૧૭/૦૬/૨૦૧૭ના રોજ ઉપરોકત વિસ્તારમાં ઝુંબેશ હાથ ધરી કુલ ૧૮ નંગ બોરીંગ દુર કરવામાં આવેલ તેમજ રૂા. ૧,૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ પેટે દંડ વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

**"પબ્લિક સર્વિસ ડે"** નિમિત્તે તા.૨૬/૦૬/૧૭નાં રોજ કોર્મશીયલ કોમ્પલેક્ષ/દુકાનોમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનું ચેકીંગ હાથ ધરી પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/ર્કાયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૨૩/૦૬/૧૭નાં રોજ **"પબ્લિક સર્વિસ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૬/૦૬/૧૭ નાં રોજ કોર્મશીયલ કોમ્પલેક્ષ / દુકાનોમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનું ચેકીંગ હાથ ધરી પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૬/૦૬/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી દ્વારા આરોગ્ય વિભાગની ટીમ બનાવી ઝોનમાં આવેલ કોર્મશીયલ કોમ્પલેક્ષ/દુકાનોમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક બાબતે ઘનિષ્ઠ ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. આ કામગીરી દરમ્યાન જે દુકાનધારકો દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગકર્તા માલુમ પડેલ હોય તેઓની પાસેથી પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કર્યા બાદ તેવા તમામને દુકાન ધારકોને નોટીસ પાઠવી વહીવટી ચાર્જ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

| ચેક કરેલ કોર્મશીયલ કોમ્પલેક્ષ/દુકાનો | સુપરવાઈઝર | જપ્ત કરેલ પ્લાસ્ટીક (કિ.ગ્રા) | નોટીસ | ઈસમ | વહીવટી ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૨૨૯ | ૯૦ | ૮૦.૯૦૦ | ૬૫ | ૧૧૭ | ૩૨,૪૫૦ |

વધુમાં આ ટીમો દ્વારા કોર્મશીયલ કોમ્પલેક્ષ/દુકાનોમાં તેમજ આજુબાજુ રહેતા નાગરીકોને સ્વચ્છતા રાખવા તેમજ કચરાનું વર્ગીકરણ કરી સુકો / ભીનો કચરો અલગ–અલગ ડસ્ટબીનમાં રાખવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ / સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

**"પબ્લિક સર્વિસ ડે"** નિમિત્તે તા.૨૭/૦૬/૧૭નાં રોજ એપીએમસી માર્કેટમાં ઘન કચરાનાં વર્ગીકરણ અંગની રેલી તથા શપથ લેવડાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/ર્કાયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૨૩/૦૬/૧૭નાં રોજ **"પબ્લિક સર્વિસ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૭/૦૬/૧૭નાં રોજ એપીએમસી માર્કેટમાં ઘન કચરાનાં વર્ગીકરણ અંગની રેલી તથા શપથ લેવડાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૭/૦૬/૧૭નાં રોજ વરાછા/લિંબાયત ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા આરોગ્ય સ્ટાફ, N.G.O., સ્વૈચ્છિક સંસ્થાનાં વહીવટકર્તા, પ્રમુખ, સેક્રેટરીની સંયુકત ટીમ બનાવી આ ટીમોને સુકો/ભીનો કચરાનું વર્ગીકરણ કરવા બાબતનાં પોસ્ટરો, બેનરો આપી એપીએમસી માર્કેટમાં જનજાગૃતિ લાવવા માટે એપીએમસી કોર્મશીયલ/શોપીંગ સેન્ટરોમાં રેલી સ્વરૂપે લઈ જઈને સદર સ્થળએ આવેલ સ્ટોલધારકોનાં વહીવટકર્તાઓને ઘન કચરાનું વર્ગીકરણ કરવાથી થતાં ફાયદાઓ અંગે સમજ તેમજ તે અંગેનું આરોગ્યલક્ષી શિક્ષણ આ ટીમ દ્વારા આપવામાં આવ્યું હતું. ત્યારબાદ આ રેલીમાં ભાગ લીધેલ તમામ સભ્યો તથા કોર્મશીયલ/શોપીંગ કોમ્પલેક્ષનાં દુકાન ધારકોને પણ સામેલ કરી સ્વચ્છતા રાખવા તેમજ સુકો/ભીનો કચરાનું વર્ગીકરણ કરી અલગ–અલગ ડસ્ટબીન રાખી સુકો/ભીનો કચરો ડોર ટુ ડોર વાહનોને આપીશું. તે બાબતનાં શપથ લેવડાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.

| રેલીનું સ્થળ<br>એપીએમસી માર્કેટ | N.G.O. અને સ્વૈચ્છિક સંસ્થા/દુકાનધારકો | સુપરવાઈઝર | સ.કા/કોન્ટ્રાકટ કામદાર | શપથ લેવડાવવામાં આવેલ વ્યકિતઓ |
|---|---|---|---|---|
| ૧ | ૩૫ | ૪ | ૩૨ | ૭૮ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

२९७

# <u>પ્રેસનોટ</u>

## સેન્ટ્રલઝોન વીબીડીસી વિભાગ દ્વારા <u>"મેલેરીયા વિરોધી માસ" અંતર્ગત યોજાયેલ રેલી કાર્યક્રમ</u>

ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ દરવર્ષની જેમ જૂન માસને આ વર્ષે પણ **"મેલેરીયા વિરોધી માસ"**_તરીકે ઉજવવાનુ નકકી કરવામાં આવેલ જે સદર્ભે સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન, વીબીડીસી વિભાગ ધ્વારા જુન–૨૦૧૭ **"મેલેરીયા વિરોધી માસ"** અંતર્ગત સેન્ટ્રલ ઝોન દ્વારા ભાગળ ચાર રસ્તા શરૂ કરી ચોક ચાર રસ્તા થઈ ગાંધીબાગ,ગાંધીજીની પ્રતિમા સુધી સવારે ૮–૩૦ કલાકે શહેરના ચુંટાયેલા પ્રતિનિધિઓ,નગરજનો તથા શાળાના બાળકો સાથે સુરત મહાનગરપાલિકાના કર્મચારીની સંયુકત લોકજાગૃતિ માટે રેલીનું આયોજન કરવામાં આવેલ છે.રેલીમાં મેલેરીયા,ડેંગ્યુ અને અન્ય મચ્છરજન્ય રોગો ન ફેલાય તે માટે પ્રચાર–પ્રસાર કરવામાં આવેલ.

સદર રેલીનું પ્રસ્થાન મ્યુ.સદસ્યશ્રી પિયુષભાઈ જરીવાળા દ્વારા કરાવવામાં અવેલ જેમાં માન.ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી,મ્યુ.સદસ્યો કુ.નેન્સીબેન સુમરા,શ્રીમતી ગીતાબેન પટેલ, શ્રીમતી દક્ષાબેન જરીવાળા, શ્રીમતી આરતીબેન પટેલ, શ્રી પિયુષભાઈ જરીવાળા, શ્રીમતી કિશોરીબેન કાપડીયા,શ્રી પ્રવિણભાઈ કહાર, તથા સેન્ટ્રલઝોનનાં ડે.કમિશ્રી આર.જે.પંડયા,નાયબ અરોગ્ય અધિકારીશ્રી ડો.એમ.એન.પટેલ,આસી.જંતુનાશક અધિકારીશ્રી જે.આર.પરમાર તેમજ ટી એન્ડ ટી.વી,ગોપીપુરા,બાલાજી ગર્લ્સ,ગોપીપુરા તથા મદ્રેસા તૈયબી બોયઝ શાળાનાં વિધાર્થી તેમજ શિક્ષકો તથા સેન્ટ્રલઝોન વી.બી.ડી.સી.વિભાગનાં સ્ટાફ સહીત કુલ અંદાજે ૫૦૦ (પાંચસો) વ્યકિતઓ હાજર રહી રેલીને સફળ બનાવી હતી.સદર કાર્યક્રમની આભારવિધિ સેન્ટ્રલઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.એમ.એન.પટેલએ કરી હતી.

# :: પ્રેસનોટ ::

## "તાપી માતા જન્મદિન ઉજવણી"

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે તા.૩૦/૦૬/૨૦૧૭ના રોજ યોજાનાર તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ**

**સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે તા.૩૦/૦૬/૨૦૧૭ને શુક્રવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાવડી ઓવારા, જુની કોર્ટ સામે, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે નાવડી ઓવારા ખાતે યોજાનાર તાપીમાતાની આરાધના કાર્યક્રમના પાવન પ્રસંગે શહેરના નગરજનોને સહભાગી થવા નિમંત્રણ છે.**

प्रति,
श्री सुरेश प्रभुजी,
रेल मंत्री
भारत सरकार,

**विषय :(1) <u>ट्रेन नं. १९०५७ उधना से वाराणसी भोले नगरी ट्रेन जो साप्ताहिक है वो डेली करने हेतु.</u>**
**(2) <u>ट्रेन नं. १९०६३ उधना दानापुर एक्सप्रेस जो साप्ताहिक है वो डेली करने हेतु.</u>**
**(3) <u>सूरत से गोरखपुर वाया इलाहाबाद, फैज़ाबाद के लिए नई ट्रेन चालू करने हेतु.</u>**

नमस्कार,

आपसे सविनय निवेदन है की उत्तर प्रदेश एवं बिहार के लोग दक्षिण गुजरात में लाखो की संख्यामे रहते है खास करके सूरत में बहुत बड़ी संख्यामे उत्तर प्रदेश तथा बिहार के लोग रहते है यहाँ के औद्योगिक विकास एवं व्यापार में अति महत्वपूर्ण योगदान है कपडेका व्यवसाई, जरी उद्योग, बनारसी साडी, कालीन उद्योग आदि वाराणसी सहित उत्तर प्रदेश में बहुत बड़ी संख्यामे है तथा यहाँ रहने वाले व्यवसाय, नौकरी पेशा से जुड़े लोग तथा व्यापार की दृष्टि से आने जाने वाले छोटे व्यापारियोका भी एक मात्र साधन आने जाने के लिए रेलगाड़ी है. गॉव से जुड़े होने के कारण वारंवार अनेक प्रसंगो में आना जाना रहता है पर्याप्त मात्रा में ट्रैन न होने के कारण हमेसा हर ट्रेन में W/L रहती है उनके अलावा दंड भर कर भी भी डिब्बे में जान जोखम में डालकर यात्रा करते है यात्रा के दौरान अनेक अमानवीय यातनाये झेलनी पड़ती है उनके दुख और तकलीफो को देखते हुए आपसे मेरा विनम्र निवेदन है की आप निम्न ट्रेनों की घोषणा करे जिससे लोगो को लाभ मिल सके.

1. ट्रेन नं. १९०५७ उधना से वाराणसी भोले नगरी ट्रेन जो साप्ताहिक हे वो डेलीकी जाये.
2. ट्रेन नं. १९०६३ उधना दानापुर एक्सप्रेस जो साप्ताहिक हे वो डेलीकी जाये.
3. सूरत से गोरखपुर वाया इलाहाबाद, फैज़ाबाद के लिए नई ट्रेन की अविलम्ब घोषणा करने की कृपा करे.

भवदीय,

धन्यवाद,

(गिरिजाशंकर मिश्रा)

नेता शासकपक्ष
सूरत महानगरपालिका

प्रति सादर नक़ल रवाना :
श्री नरेन्द्रभाई मोदीजी - मा.प्रधानमंत्रीश्री
श्री विजयभाई रुपाणीजी - मा. मुख्यमंत्रीश्री (गुजरात)
श्री नितिनभाई भजियावालाजी - प्रमुखश्री बीजेपी सूरत महानगर
श्री सी. आर पाटिलजी (सांसद नवसारी)
श्रीमति दर्शनाबेन जरदोषजी (सांसद सूरत)

**"પબ્લિક સર્વિસ ડે"** નિમિત્તે તા.૨૮/૦૬/૧૭નાં રોજ એપીએમસી માર્કેટમાં સાફ–સફાઈ ઝુંબેશ હાથ ધરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૨૩/૦૬/૧૭નાં રોજ **"પબ્લિક સર્વિસ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૮/૦૬/૧૭નાં રોજ એપીએમસી માર્કેટમાં સાફ–સફાઈ ઝુંબેશ હાથ ધરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૮/૦૬/૧૭નાં રોજ વરાછા/લિંબાયત ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા આરોગ્ય વિભાગ તથા માર્કેટનાં વહીવટકર્તા, પ્રમુખ, સેક્રેટરી તથા કોન્ટ્રાકટરની સંયુકત ટીમો બનાવી આ સુપરવાઈઝર ટીમની સીધી દેખરેખ હેઠળ આરોગ્ય સ્ટાફનાં કામદાર તેમજ કોન્ટ્રાકટરનાં કામદારની સંયુકત ટીમ દ્વારા એપીએમસી માર્કેટની અંદરની પ્રિમાઈસીસની તેમજ બહારનાં ભાગે ધનિષ્ઠ સફાઈ કામગીરી કરાવી કચરો–કચરા મિશ્રીત માટીનાં ઢગલાંઓનો નિકાલ કરાવી જંતુનાશક પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સફાઈ ઝુંબેશનું સ્થળ | સુપરવાઈઝર | સ.કા/કોન્ટ્રાકટ કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|
| એપીએમસી માર્કેટ | ૧૯ | ૨૮+૩૩ | ૨.૭૫૦ | ૬૯૦ |

વધુમાં સ્વચ્છતા ઝુંબેશમાં ભાગ લેનાર સ્ટાફ, નાગરીકો, એપીએમસી માર્કેટનાં સ્ટોલધારકોનાં વહીવટકર્તાઓને સુકો/ભીનો કચરો અલગ–અલગ રાખવા તેમજ સ્વચ્છતા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

**"પબ્લિક સર્વિસ ડે"** નિમિત્તે તા.૨૯/૦૬/૧૭નાં રોજ વેજીટેબલ માર્કેટમાં આવેલ પે એન્ડ યુઝની સ્વચ્છતા અંગેની ચકાસણી તેમજ તેનું રીપેરીંગ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૨૩/૦૬/૧૭નાં રોજ **"પબ્લિક સર્વિસ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૯/૦૬/૧૭નાં રોજ વેજીટેબલ માર્કેટમાં આવેલ પે એન્ડ યુઝની સ્વચ્છતા અંગેની ચકાસણી તેમજ તેનું રીપેરીંગ કરાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૯/૦૬/૧૭નાં રોજ દરેક ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ આરોગ્ય અધિકારીશ્રી દ્વારા આરોગ્ય/ઈજનેર વિભાગ તથા ઈજારદારશ્રીનાં સ્ટાફની સંયુકત ટીમો બનાવી ઝોનમાં આવેલ વેજીટેબલ માર્કેટનાં પે એન્ડ યુઝનાં બાથરૂમ, ટોયલેટ બ્લોકની અંદર તુટેલ ટાઈલ્સ, ટબ તથા નળો વિગેરે દુર કરાવી તેનાં સ્થાને નવી ટાઈલ્સ, ટબ તથા નળો નંખાવવાની કામગીરી તેમજ લાઈટ, પંખા કાર્યરત કરવા માટેની કામગીરી કરાવ્યા બાદ આરોગ્ય/ઈજારદારશ્રીનાં કામદારો મારફતે ટોયલેટ બ્લોકમાં એસીડ/ફિનાઈલનાં પાણીથી સ્વચ્છ કરાવી જંતુનાશક દવા, પાઉડરનો છંટકાવ કરી દરેક બ્લોકમાં ડામરની ગોળી/એર ફ્રેશનર મુકવા માટેની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| સ્વચ્છતા અંગે ચકાસણી કરવામાં આવેલ પે એન્ડ યુઝ | સુપરવાઈઝર | સફાઈ કામદાર | ઈજારદારનાં કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|
| ૩૧ | ૧૬ | ૫૩ | ૩૭ | ૧.૬૦૦ | ૪૫૦ |

વધુમાં સ્વચ્છતા ઝુંબેશમાં ભાગ લેનાર સ્ટાફ, નાગરીકો, વેજીટેબલ માર્કેટનાં વેચાણકર્તા તથા પાથરણાવાળાઓને સુકો/ભીનો કચરો અલગ–અલગ ડસ્ટબીન રાખવા માટે તેમજ સ્વચ્છતા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૩/૦૬/૨૦૧૭ થી તા.૨૯/૦૬/૨૦૧૭ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૨૪૬ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૮૧ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૬૬ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૪ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૧ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૧૫ |

# પ્રેસનોટ

ભારત સરકારશ્રી ધ્વારા ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ ડિપાર્ટમેન્ટ ધ્વારા કરેલ નોટીફીકેશન મુજબ, જુદી જુદી સેવાઓની આવક ઉપર સર્વિસ ટેક્ષ વસુલ કરવામાં આવનાર છે. જે મુજબ તા.૦૧/૦૭/૨૦૧૭ થી સુરત મહાનગરપાલિકાની આવક તથા ખર્ચ સંબધે મજકુર ટેક્ષ સંબધી જોગવાઈઓ લાગુ પડશે.

ઉપરોકત અનુસંધાને GST સંબધે મા.કમિ શ્નરશ્રીની અધ્યક્ષતામાં સુરત મહાનગરપાલિકાના તમામ વિભાગીય વડાશ્રીઓ, કાર્યપાલક ઈજનેરશ્રીઓ, ખાતાધિકારીશ્રીઓને આજરોજ તા.૩૦/૦૬/૨૦૧૭ ના રોજ ટેક્ષ કન્સલટન્ટશ્રી હાર્દિક પી. શાહ ધ્વારા મીટીંગ આયોજીત કરી મજકુર ટેક્ષ અન્વયે લાગુ પડતી આવકના તથા ખર્ચના કિસ્સાંઓની સંબધિત જોગવાઈઓ બાબતે તેમજ સપ્લાય અને સર્વિસીસ અન્વયે રૂા.૨,૫૦,૦૦૦/– થી વધુ રકમના કોન્ટ્રાકટમાં ટી.ડી.એસ. કપાત બાબતે તેમજ રીવર્સ મીકેનીઝમ ચાર્જીસ બાબતેની જોગવાઈઓની વિસ્તૃત માહિતી તેમજ સમજણ આપવામાં આવી હતી.



## :: પ્રેસનોટ ::

### "સુર્યપુત્રી તાપી માતા જન્મદિન ઉજવણી"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે તા.૩૦/૦૬/૨૦૧૭ના રોજ યોજાયેલ તાપીમાતાની આરાધના કાર્યક્રમ

"ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે" આ પંકિતમાં તાપી માતાનું મહાત્મય વર્ણવતા કહયું છે કે, ગંગા નદીમાં સ્નાન, યમુનાના જળનું આચમન, અને નર્મદાના દર્શનથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય તાપીમાતાના સ્મરણ માત્રથી પ્રાપ્ત થાય છે. ધરતી પરની સૌથી પૌરાણિક અને સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ તા.૩૦/૦૬/૨૦૧૭ને શુક્રવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે નાવડી ઓવારા, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી, તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મધ્યપ્રદેશ સ્થિત સાતપુડા પર્વતમાળામાં બૈનુલ જિલ્લાના મૂલતાઈ નામના ગામ પાસેથી નીકળી સુરત શહેરના કિનારેથી અરબી સમુદ્રમાં વિલીન થતી અને સુરત શહેરને સદૈવ સમૃદ્ધ રાખનારી પુણ્ય સલિલા તાપી મૈયાના જન્મદિને શહેરના પ્રથમ નાગરિક મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, ધારાસભ્યશ્રીમતી સંગીતાબેન પાટીલ, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, મ્યુનિ.કમિશનરશ્રી એમ. થેન્નારસન,આઈ.એ.એસ., સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત નગરજનોના સાનિધ્યમાં સુરત શહેરના વિકાસ માટે કલ્યાણકારી ભવિષ્યની વાંચ્છના સાથે દીપ પ્રગટાવી વૈદિક મંત્રોચ્ચાર સહ પૂજા અર્ચના કરી હતી.

સમાચારયાદી નં. 0304,તા.૦૧/૦૭/૨૦૧૭, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.



સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ તા.૩૦/૦૬/૨૦૧૭ના રોજ નાવડી ઓવારા, નાનપુરા, સુરત ખાતે દીપ પ્રગટાવી પૂજા અર્ચના કરતા મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, મ્યુનિ.કમિશનરશ્રી એમ. થેન્નારસન,આઈ.એ.એસ., અન્ય મહાનુભાવો તથા નગરજનો દ્રશ્યમાન છે.

# સુરત મહાનગર પાલિકા

## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી

## અખબારી યાદી

# ડ્રાય ડે

**સુરત**

**મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ ''ડ્રાય ડે'' ઝુંબેશ ની પ્રેસનોટ**

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૦૧/૦૭/૧૭** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે ''ડ્રાય ડે'' ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલઝોનમાં સૈયદપુરા ટુંકીશેરી આસપાસનો વિસ્તાર, કાદરશાની નાળ,રૂદરપુરા આસપાસનો વિસ્તાર, ઝાલાવાડનો ટેકરો,ચીડીયાકુઈ,તુલસી ફળીયુ,બેગમપુરા જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં સુલતાનીયા જીમખાના, ક્રોમાની પાછળના ઈ.ડ.એસ.કવાર્ટસ, ઈ.ડ.એસ.કવાર્ટસ સરસ્વતિ સ્કુલ પાસે, સંધ્યાવદન સોસાયટી, માધવ વસાહત, જહાંગીરપુરા જેવા વિસ્તારમાં, ઉધના ઝોનમાં રામદેવનગર,એલ.આઈ.જી.–૪૩૨ સંતોષનગર,પ્રિયંકા સીટી ગોલ્ડ,લક્ષ્મીનગર,બિસતનગર, જીવનદીપનગર, તિરૂપતિનગર–એમ.બી./એમ.સી., ઈ.ડબલ્યુ.એસ.આવાસ(બાવરી સમાજ)અને લક્ષ્મીનગર જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં બેઠી કોલોની– અને બેઠી કોલોની –બી, ભાઠેના–૧૮૧ અને ભાઠેના–૧૮૪, હરીહરનગર,અશ્વીની પાર્ક એ અને બી,ગીતાનગર,કૈલાશનગર,સાંઈબાબાનગર,ભરતનગર,ગુરૂકૃપાનગર,શિવસાંઈનગર, ગાયત્રીનગર,શકિતનગર, સાંઈનગર કેશવનગર જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં ગર્વ.કવાટર્સ, અઠવાલાઈન્સ, ઉમરાવનગર, ઈ.ડ.એસ. પીપીલોદ, ઈ.ડ.એસ. પાણી ની ટાંકી પાસે, સોમનાથ સોસાયટી અંબાનગર, અલથાણ સત્ય સાંઈ સ્કુલની સામે, હાઉસિંગ બોર્ડ, ગવિયર હળપતિવાસ જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં વિશ્રામનગર, ડામર પ્લાન્ટ,પટેલવાડી–૨,સમતાનગર, એચ–૧ આવાસ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં વરૂણ કોમ્પ, પરમહંસ સો., આંબેડકરનગર, મરઘા કેન્દ્ર સો, બોમ્બે કોલોની, રાવળ ફળિયું, બાંગ્લાદેશ, ખાન મહોલ્લો, મંદીર ફળિયું, લુહાર ફળિયું, દરબાર ફળિયું, ચોરા ફળિયું, નીચલી કોલોની, ગુરુનગર, મોમાઈનગર, આંબેડકર આવાસ, નંદીની રો હાઉસ, ક્રિષ્નાપાર્ક ૧–૨, કુબેરનગર જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **35842** | **81183** | **592** | **9853** | **1224** | **2494** | **181** | **70250** | **73** | **30744** | **16077** |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

**સુરત મહાનગરપાલિકા**
**યુ.સી.ડી-વિભાગ**
**અખબારી યાદી**

**સુરત મહાનગરપાલિકા દ્વારા તારીખ:૦૨/૦૭/૨૦૧૭ ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીનાં હસ્તે પિંક ઓટો પ્રોજેક્ટનો શુભારંભ કરવામાં આવનાર છે.**

વિષય : તારીખ:૦૨/૦૭/૨૦૧૭ ના રોજ ડો.શ્યામાપ્રસાદ મુખરજી કોમ્યુનિટી હોલ, ડી.આર.વર્લ્ડની સામે, આઇમાતા ચોક, મગોબ-ડુંભાલ રોડ, સુરત ખાતેથી માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં તેઓના હસ્તે ૧૫ મહીલા લાભાર્થીઓ દ્વારા "પિંક ઓટો રીક્ષા"નો શુભારંભ કાર્યક્રમ બાબત.

મહિલા અને બાળકોને સુરક્ષીત મુસાફરીનો વિકલ્પ મળી રહે તેમજ મહિલાઓ આર્થીક રીતે પગભર બની સ્વરોજગાર મેળવે તેવા ઉમદા હેતુથી સુરત મહાનગરપાલિકાનાં યુ.સી.ડી-વિભાગ અને બેન્ક ઓફ બરોડાનાં સંયુક્ત ઉપક્રમે પિંક ઓટો પ્રોજેક્ટ સુરત શહેરમાં અમલમાં મુકવામાં આવેલ છે. બેરોજગાર જરૂરીયાતમંદ મહિલાઓને રીક્ષા ચલાવવાની તાલીમ દ્વારા સ્વરોજગાર સાથે સાંકળી આર્થીક સશક્તિકરણ કરવા માટે વિસ્તારની મહિલાઓનો સંપર્ક કરવામાં આવેલ.

પિંક ઓટો પ્રોજેક્ટ અંતર્ગત મહીલાઓને સલામત સવારી અને રોજગારનો વિકલ્પ મળી રહેશે, જેથી મહીલાઓ પરીવારને આર્થીક રીતે મદદરૂપ થઇ સ્વનિર્ભર થઇ શકશે, અને મહીલા સશક્તિકરણનાં પ્રયાસોને વેગ મળશે તેમજ રીક્ષાની મુસાફરી દરમ્યાન ગુન્હાઓનાં પ્રમાણમા ઘટાડો થશે, બાળકોને સ્કુલ, ટ્યુશન જવા માટે મહીલા સંચાલીત રીક્ષા દ્વારા બાળ સંબંધીત ગુન્હાઓમાં પણ ઘટાડો થશે, તેમજ અન્ય મહીલાઓને આર્થીક રીતે સ્વનિર્ભર બનવા પ્રોત્સાહન મળી રહેશે.

માન. કમિશનરશ્રીએ પિંક ઓટો પ્રોજેક્ટ શરૂ કરવા સંદર્ભે વિગતવાર સમજ આપી અને સમયાંતરે પ્રોજેક્ટનાં સુચારૂ અમલીકરણ માટે માર્ગદર્શન પુરૂ પાડેલ. યુ.સી.ડી-વિભાગનાં વડા અને આસી. કમિશનરશ્રીના અધ્યક્ષ સ્થાને મીટીંગ કરી બહેનોને પ્રોજેક્ટ અંગે વિગતવાર માહીતી આપવામાં આવેલ. અને તાલીમમાં ભાગ લેવા માટે બહેનોનો વારંવાર સંપર્ક કરી આ નવા પ્રોજેક્ટ અંગે બહેનોને ઉદભવતા તમામ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ. અને તાલીમ લેવા અંગે પ્રેરણા પુરી પાડવામાં આવી. તાલીમ લેવા માટે બહેનોને સંપુર્ણ રીતે તૈયાર કરવામાં આવી. જેમા પ્રથમ બેચમાં ૨૮ મહિલાઓ દ્વારા ઓટો ડ્રાઇવિંગની તાલીમ લેવા માટેની સંમતી દર્શાવવામાં આવેલ હતી. બેન્ક ઓફ બરોડાની તાલીમ આપનાર સંસ્થા બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન દ્વારા તારીખ:૨૩/૦૪/૨૦૧૭ થી ૧૫/૦૫/૨૦૧૭ દરમ્યાન ૨૮ લાભાર્થીઓને થીયરી અને પ્રેક્ટીકલ તાલીમ આપવામાં આવેલ હતી. સદર પ્રોજેક્ટનાં અમલીકરણની શરૂઆતથી બેન્ક ઓફ બરોડાની તાલીમ સંસ્થા દ્વારા સંપુર્ણ રીતે ખર્ચ ભોગવવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રાદેશીક વાહન વ્યવહારની કચેરી, સુરત ખાતે સંકલન કરી ૨૮ બહેનોને રીક્ષા ડ્રાઇવિંગનાં લર્નીંગ લાઇસન્સ માટેની કામગીરી કરવામાં આવેલ.જે પૈકી તબક્કાવાર કુલ ૧૭ બહેનોને નિયમીત ડ્રાઇવિંગ લાઇસન્સ આપવાની કામગીરી કરવામાં આવેલ તેમજ બહેનો પોતાની રીક્ષા સરળતાથી લોન દ્વારા મેળવી શકે તે માટે લાભાર્થીઓને બેન્ક ઓફ બરોડાની વિભાગત શાખામાં બચત ખાતા ખોલાવવામાં આવેલ. તેમજ લાભાર્થીઓને લોન માટેનાં ફોર્મ અને જરૂરી આધાર પુરાવા તૈયાર કરવામાં આવેલ.

ઉપરાંત તાલીમ લીધેલ લાભાર્થીઓને પિંક ઓટો ખરીદવા માટે સરકારશ્રીની ભારત ઉદ્યોગ કેન્દ્ર અમલીકૃત બાજપાઇ બેન્કેબલ યોજના અંતર્ગત બેન્ક ઓફ બરોડા દ્વારા લોન આપવામાં આવે છે. સદર લોનમાં સરકારશ્રી દ્વારા નિતીનિયમ મુજબ 30% સબસીડી મળે છે. તથા અગ્રતાનાં ધોરણે બેન્ક લોન આપવા જેવો મહત્વનો સહયોગ પુરો પાડવામાં આવે છે.તારીખ:૦૨/૦૭/૨૦૧૭ ના રોજ ડો.શ્યામાપ્રસાદ મુખરજી કોમ્યુનિટી હોલ, ડી.આર.વર્લ્ડની સામે, આઇમાતા ચોક, મગોબ-ડુંભાલ રોડ, સુરત ખાતેથી માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં તેઓના હસ્તે ૧૫ મહીલા લાભાર્થીઓ દ્વારા "પિંક ઓટો રીક્ષા"નો શુભારંભ થનાર છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા પિંક ઓટો પ્રોજેક્ટનો વ્યાપ વધે અને તેનો પ્રચાર-પ્રસાર થાય તે માટે કોલ સેન્ટરની સ્થાપના કરવી, દરેક લાભાર્થીઓનું વિમા કવચ માટે જોડાણ કરવું પિંક વાન ટેક્ષીની શરૂઆત કરવી, લાભાર્થીઓનાં સ્વ-સહાય જુથની રચના કરવી, ટ્રાફીક પોલીસ સાથે સહકારની પ્રક્રીયા હાથ ધરી સાનુકુળ વાતાવરણ પુરૂ પાડવું, ખાસ ઓળખ માટે પિંક ઓટો સ્ટેન્ડની ઓળખ કરવી, તેમજ લાભાર્થીઓને રોજગારી મળી રહે તે માટે શાળા સાથે જોડાણ કરવાની કામગીરી વિગેરે યુ.સી.ડી વિભાગ સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે, જેથી "પિંક ઓટોરીક્ષા પ્રોજેક્ટ" અંતર્ગત વધુમાં વધુ મહીલાઓને જોડી તેઓને લાભાન્વીત કરી શકાય.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં / 0306
તારીખ:૦૧/૦૭/૨૦૧૭

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્માર્ટ સીટી મિશનની બીજા વર્ષની ઉજવણીના ભાગરૂપે સુરત શહેરના સ્માર્ટ સીટી વિસ્તાર સોલાર પાવર પ્લાન્ટ (૩.૬ મેગાવોટ) સહિત LED સ્ટ્રીટ લાઈટ તથા સ્માર્ટ સ્ટ્રીટ મોનીટરીંગ સીસ્ટમનો શુભારંભ સહિત રૂા.૧૨૮.૨૭ કરોડના ખર્ચે સાકારિત વિવિધ પ્રકલ્પોની લોકાર્પણ/ખાતમુહૂર્તની તકતીઓની અનાવરણવિધિ તથા પ્રધાનમંત્રી આવાસ યોજના ના કુલ–૦૪ ઘટકો પૈકી જાહેર જમીન પર આવેલ ઝૂંપડપટ્ટી દુર કરી તે જગ્યા પર PPP ધોરણે રૂા.૮૭૯.૦૪ કરોડના ખર્ચે આવાસો બનાવી પુનઃવસન કરવાની કામગીરીનો "લેટર ઓફ ઈન્ટેન્ટ" સુપ્રત કરવા સહિતના કુલ રૂા.૧૦૦૭.૩૧ કરોડના પ્રકલ્પો અને સુરત શહેરમાં મહિલાઓને સુરક્ષિત મુસાફરી અર્થે મહિલાઓ ધ્વારા સંચાલિત "પીન્ક ઓટો રીક્ષા" યોજનનો શુભારંભ શ્રી વિજયભાઈ રૂપાણી માનનીય મુખ્યમંત્રી,ગુજરાત રાજયના વરદ્દહસ્ત તથા માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખના પ્રમુખ પદે ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જી કોમ્યુનિટી હોલ, ડી.આર.વર્લ્ડની સામે,આઈમાતા ચોક,મગોબ–ડુંભાલ રોડ,સુરત ખાતે સંપન્ન થયેલ.

આ પ્રસંગે માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા આ વિસ્તારમાં એક સેન્ટર બનાવવાની છે જેમાં આ વિસ્તારના કારીગરોના ઉત્થાન માટે તથા તેમનામાં રહેલી સ્કીલનું ડેવલોપમેન્ટ થાય તે માટે આ સેન્ટરનું નિર્માણ ટુંક સમયમાં જ કરવામાં આવશે.સુરત મહાનગરપાલિકા નાના ઉધોગોને વૈશ્વિક સ્તરે લઈ જવા માટે માગદર્શન આપશે.પીંક ઓટો પ્રોજેકટ મહિલા સશકિતકરણનું એક ઉતમ ઉદાહરણ છે.આ પ્રોજેકટ હેઠળ મહિલાઓને સ્વનિર્ભર બનાવી રોજગારીની તકો આપવામાં આવે છે જેથી તે પોતાનું ગુજરાન ચાલાવી શકે.ઉપરાંત સુરત શહેર માંથી ઉત્પન્ન થતા પ્લાસ્ટિક વેસ્ટને પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ સેન્ટર ધ્વારા એકત્રિકરણ કરી તેનો નિકાલ કરવામાં આવશે. સદર પ્રોજેકટ અન્વયે પ્લાસ્ટિકના કચરાને રીસાયકલ કરી પ્લાસ્ટિકના દાણા બનાવવામાં આવશે. સદર પ્લાસ્ટિકના દાણનો ઉપયોગ પ્લાસ્ટિકની અન્ય પ્રોડકટ બનાવવા આવશે.

આ પ્રસંગે ઉપસ્થિત માનનીય મુખ્યમંત્રી,ગુજરાત રાજય શ્રી વિજયભાઈ રૂપાણીનું માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા તથા માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને શાલ,મોમેન્ટો તથા પુસ્તક આપી સ્વાગત કરેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પણ પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ.

માન.ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ (બગદાણાવાળા) ધ્વારા અને તેમના વોર્ડ નં.૧૪ તથા ૧૫ના સદસ્યશ્રીઓ ધ્વારા માનનીય મુખ્યમંત્રી,ગુજરાત રાજય શ્રી વિજયભાઈ રૂપાણીનું પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ.

શ્રી મનોજભાઈએ માન.મુખ્યમંત્રી શ્રી  વિજયભાઈ રૂપાણીનું ચિત્ર મુખથી બનાવી તેમને અર્પણ કરેલ.

માન. મંત્રીશ્રી, રાજયકક્ષા, જળસંપતિ, (સ્વતંત્ર હવાલો),પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ,ગુજરાત રાજય  શ્રી નાનુભાઈ વાનાણીએ તેમના  ઉદ્‌બોધનમાં જણાવ્યું કે દેશના શહેરો સ્માર્ટ સીટી તરફ આગળ વધી રહયા છે ત્યારે સુરત પાછળ રહી ન જાય તે માટે સુરત મહાનગરપાલિકા સતત કામગીરી કરી છે.સુરત મહાનગરપાલિકા પિન્ક ઓટો પ્રોજેકટ શરૂ કરી સ્ત્રીસશકિતકરણમાં વધુ પ્રશંસનીય પગલુ ભર્યુ છે.

વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ,સ્માર્ટ વેસ્ટ કલેકશન સિસ્ટમનો શુભારંભ, ૮૧૧૦  ઈ.ડબલ્યુ.એસ.ના આવાસોના બ્રોશરનું વિમોચન,લેટર ઓફ ઈન્ટેન્ટનું વિતરણ,સુરત સીટી લીંક મોબાઈલ એપનું લોન્ચીંગ,સ્માર્ટસીટી એપનું લોન્ચીંગ માનનીય મુખ્યમંત્રી,ગુજરાત રાજય શ્રી વિજયભાઈ રૂપાણી તથા અન્ય મંચસ્થ મહાનુભાવો ધ્વારા કરવામાં આવેલ તથા લોન્ચ કરેલ એપ્લીકેશનની વિડીયો સ્કીન પર દર્શાવવામાં આવેલ.

માનનીય મુખ્યમંત્રી,ગુજરાત રાજય શ્રી વિજયભાઈ રૂપાણીએ સૌ પ્રથમ સુરત મહાનગરપાલિકાને રૂા.૧૦૦૭.૩૧ કરોડના પ્રોકજેટોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.તેમના ઉદ્‌બોધનમાં તેમણે ગુજરાતના છ શહેરોને સ્માર્ટ સીટીનો દરજજો મળ્યો છે.તે જણાવી ખુશી વ્યકત કરી હતી.આ સ્માર્ટ સીટીને કેન્દ્ર સરકાર રૂા.૫૦૦ કરોડ,રાજય સરકાર રૂા. ૨૫૦ કરોડ આપશે અને મહાનગરપાલિકાના રૂા.૨૫૦ કરોડ ઉમેરશે એમ કુલ રૂા.૧૦૦૦ કરોડ ધ્વારા સ્માર્ટ સીટીનું વધુમાં વધુ ડેવલોપમેન્ટ કરવામાં આવશે. પાણી, સફાઈ, ટ્રાન્સપોર્ટેશન, ઈ–ગર્વનન્સ આવી અનેક સુવિધાઓ પુરી પાડી વર્લ્ડ કલાસ શહેરોમાં ગુજરાતના શહેરો સ્થાન પ્રાપ્ત કરે એ માટે વ્યવસ્થા કરવામાં આવી છે.તેઓ જણાવ્યું કે આજે સુરત ખુબસુરત થયુ છે.સ્માર્ટ સીટી બન્યું છે.સ્વચ્છ શહેર બન્યું છે.દેશ–વિદેશની ટીમો શહેરની મુલાકાતે આવે છે આ ટીમો તેમાંથી પ્રરેણા લઈ પોતાના શહેરોનો પણ આવો જ વિકાસ કરે તેવા પ્રયત્ન કરે છે.૧૯૯૫માં ગુજરાત રાજયનું બજેટ રૂા.૫૦૦૦ કરોડ હતું અને તેની સરખામણીએ આજે સુરત શહેરનું હાલનું બજેટ રૂા.૫૪૦૦ કરોડ છે. અને સમગ્ર ગુજરાતનું બજેટ રૂા.૧,૭૨,૦૦૦ કરોડ થયું છે.આટલો વિકાસ છેલ્લા ૨૦ વર્ષમાં થયો છે.પ્રજાના પૈસા પ્રજાલક્ષી કામોમાં વપરાય તેમને સારવાર,શિક્ષણ,રસ્તા,રોડની સુવિધા મળી રહે  તે માટે સરકાર હંમેશા પ્રયત્નશીલ છે,ગામડાઓ માંથી શહેરોમાં સ્થાતર વધ્યું છે.યુ.એલ.સી.યોજના અંતર્ગત સુરતમાં આઠ લાખ મકાનોના દસ્તાવેજ બનાવી આપવાનું આયોજન કરવામાં આવેલ છે.સુરત મહાનગરપાલિકા ધ્વારા ગંદા પાણીને રીસાયકલીંગ કરી ઉપયોગમાં લેવાનું કાર્ય, કચરા માંથી વીજ ઉત્પન થાય તેવા પ્રોજેકટો અમલમાં મુકવામાં આવેલ છે.તથા ગ્રીન એનર્જીમાં પણ સુંદર કામગીરી કરવામાં આવેલ છે.આવી કામગીરી રાજયની અન્ય મહાનગરપાલિકાઓ પણ કરે તેવી અપીલ કરી હતી

કાર્યક્રમના અંતે ડે.મયેર શ્રી શંકરલાલ ચેવલીએ ઉપસ્થિત મહેમાનો આભાર વ્યકત કરી કાર્યક્રમ સંપન્ન કરેલ.

આ પ્રસંગે શ્રી અજયકુમાર ચોકસી માન. દંડકશ્રી, ગુજરાત સરકાર,માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ,માન.ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલ, માન.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, માન.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા,માન.ધારાસભ્ય શ્રી કિશોરભાઈ કાનાણી, માન.ધારાસભ્ય શ્રી જનકભાઈ પટેલ(બગદાણાવાળા), માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ ,માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ,માન.શહેર ભાજપ પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ,અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ, લાભાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.






Surat Sitilink
07:12 PM
Planner
M ticket
Stops
My tickets
SURAT SITILINK MOBILE APP




Surat Smart City
Surat
SURAT SMART CITY MOBILE APP


સુરત મહાનગરપાલિકા
શ્રી વિજયભાઈ રૂપાણી














સુરત મહાનગરપાલિકા
લોકાર્પણ વિધિ
શ્રી વિજયભાઈ રૂપાણી